દાખલ તારીખ :૨૧–૦૫–૨૦૨૬
રજી. તારીખ :૨૧–૦૫–૨૦૨૬
ફેસલ તારીખ :૦૨–૦૬–૨૦૨૬
સમય ગાળો : વર્ષ: માસ: દિવસ:
૦૦ – ૦૦ – ૧૨

**જૂનાગઢના મહે. પાંચમાં એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ.જુનાગઢ**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૧૫/૨૦૨૬.**

આંક :

**અરજદાર :** સતીષ ગોરધનભાઈ જગતીયા,
ઉ.વ.૩૩, ધંધો–સુથારીકામ,
રહે. ખામધ્રોળ રોડ, જૂનાગઢ.

**–:: વિ રૂ ધ્ધ ::–**

**સામાવાળા :** સ્ટેટ ઓફ ગુજરાત,
નોટીશ થ્રુ : ગવર્નમેન્ટ પ્લીડર,
જુનાગઢ.

બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭ મુજબ
મુદ્દામાલ વાહન પરત મળવા અંગે.

| |
|---|
| અરજદાર તરફે વિ.વકીલશ્રી ડી. જે. જોષી. |
| સામાવાળા/સરકારશ્રી તરફે વિ.એડી.પી.પી. શ્રી વી.જી.દોંગા. |

**–: ઠ રા વ :–**

(૧) અરજદારે હાલની અરજી દાખલ કરી જણાવેલ છે કે, જૂનાગઢ એ–ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૫૦૧૪૬/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૪૦(૨), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૨૯૬, ૫૪ તથા

જી.પી.એકટની કલમ–૧૩૫ તથા  એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫)  મુજબના ગુનાના કામે પોલીસે બજાજ કંપનીનુ પલ્સર રજી નં. જીજે–૧૧ –સીએફ. ૯૨૬૨  વાળુ   મુદ્દામાલ તરીકે કબજે કરેલ છે અને સદરહુ મુદ્દામાલના અરજદાર માલીક છે. સદરહુ વાહન રોજબરોજના વપરાશ અને ધંધાને ઉપયોગી સાધન છે  અને કેસ ચાલતા લાંબો સમય જાય તેમ છે તેથી સદર મુદામાલ જો  લાંબો સમય પોલીસ કસ્ટડીમાં પડી રહે તો તેમાં યાંત્રીક ખામી ઉભી થાય તેમજ તેના સ્પેરપાર્ટસને નુકશાન થાય અને ઘણોં મોટો ખર્ચ આવે અને તે નકામુ થઈ જાય છે. તેથી ટ્રાયલ ચાલતા દરમ્યાન યોગ્ય શરતોને આધિન મુદ્દામાલવાળુ મોટરસાયકલ તેઓને પરત સોંપવા અરજદારે હાલની આ અરજી  કરેલ છે.

(૨)		અરજદારે તેની અરજીના સમર્થનમાં આંક–૪ ના લીસ્ટથી અરજદારના આધારકાર્ડની નકલ માર્ક ૪/૧ થી તથા વાહન અંગેની નોટીસ માર્ક ૪/૨ થી તથા એફ.આઈ.આર.ની નકલ માર્ક ૪/૩ થી તથા મુદ્દામાલવાળા વાહનની વ્હીકલ પર્ટીકયુલર્સ માર્ક ૪/૪ થી  રજુ કરેલ છે  જે લક્ષમાં લેવામાં આવેલ છે.

(૩)		અરજદારની અરજી અન્વયે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી.પી. શ્રી વી.જી.દોંગા હાજર  થયેલા છે અને અરજી અન્વયે તપાસ કરનાર પોલીસ અધિકારીનો અભિપ્રાય આંક–૬ થી રજુ થયેલ છે તેમાં અરજદારે પોતાની માલીકી અંગેનો કોઈ આધાર રજુ કરેલ ન હોય, ગંભીર ગુન્હામાં ઉપયોગમાં લીધેલ હોય, આરોપી ગુન્હાહીત ઈતિહાસ ધરાવતો હોય અને પરત સોંપવામાં આવશે તો ફરી ગુન્હામાં ઉપયોગ કરે તેવી શકયતા હોય  જેથી  મુદ્દામાલ વાહન  મોટરસાયકલ પરત ન સોંપવા અભિપ્રાય આપેલ છે  અને અભિપ્રાય સાથે પંચનામુ તથા મુદ્દામાલ પાવતી રજુ કરેલ છે જે લક્ષમાં લેવામાં આવેલ છે.

(૪) અરજદાર તરફે વિ. વકીલશ્રી ડી. જે. જોષીને સાંભળ્યા તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એડી.પી. પી. શ્રી વી.જી.દોંગાને સાંભળ્યા.

(પ) આ કામે અરજીની હકીકત, પક્ષકારોની દલીલો, રજુ દસ્તાવેજી આધારો, પોલીસ અભિપ્રાય ધ્યાને લેતાં જૂનાગઢ એ–ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧ ૨૦૩૦૨૩૨૫૦૧૪૬/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ – ૧૪૦(૨), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૨૯૬, ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫) મુજબના ગુનાના કામે પોલીસે બજાજ કંપનીનુ પલ્સર રજી નં. જીજે–૧૧–સીએફ. ૯૨૬૨ વાળુ મુદ્દામાલ તરીકે કબજે લીધેલ છે. વધુમાં આ કામે કબજે લેવામાં આવેલ મુદ્દામાલ મોટરસાયકલની આર.ટી.ઓ. ની વ્હીકલ પર્ટીકયુલર્સ માર્ક ૪/૪ થી રજુ કરેલ છે તે લક્ષમાં લેતા બજાજ કંપનીનુ પલ્સર રજી નં. જીજે–૧૧–સીએફ. ૯૨૬૨ વાળુ મોટરસાયકલ અરજદારના નામે નોંધાયેલ છે જેથી સદર મુદ્દામાલવાળા વાહનના અરજદાર માલિક હોવાનુ જણાય આવે છે. વધુમાં પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા મુદ્દામાલ નહીં સોંપવા અંગે જણાવેલ છે. પરંતુ, તપાસના કામે કોઈ જરુરીયાત હોય તેવુ જણાતુ નથી તેમજ સદર ગુનાની ટ્રાયલ ચાલતા લાંબો સમય પસાર થાય તેમ હોય, આ સમય દરમ્યાન વાહન પોલીસ સ્ટેશનમાં બીન–ઉપયોગી પડયુ રહે તો તેમાં યાંત્રીક સ્પેર પાર્ટસ ખરાબ થઈ જાય તેમજ ટાયર–ટયુબ વિગેરે ખરાબ થઈ જાય તેમ છે. આ કામે તમામ સંજોગોને લક્ષમાં લેતાં તથા આ તબબકે નામદાર સુપ્રિમ કોર્ટના **એ.આઈ.આર. ૨૦૦૩. સુ.કો. પેજનં.–૬૩૮. સુંદરલાલ અંબાલાલ દેશાઈ –વિ– સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલા માર્ગદર્શક સિધ્ધાંતો મુજબ તેને બિન ઉપયોગી પડી રાખવાથી કોઈ હેતુ સરે તેમ નથી. જયારે તેના કબજેદાર–માલિકને નુકશાન થાય છે. ત્યારે સમગ્ર હકીકતો જોતા હાલની અરજી દાદનો ઈન્કાર કરવો ન્યાય સંગત જણાતું ન હોય તેમજ આ કામના અરજદાર જામીન આપવા અને શરતો પાળવા તૈયાર અને ખુશી

હોય, આ સંજોગોમાં  યોગ્ય શરતોને આધિન મુદ્દામાલનો, કેસ ચાલતા દરમ્યાન વચગાળાનો કબજો પરત સોંપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

**-: હુકમ :-**

(૧) અરજદારની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) જૂનાગઢ એ-ડીવીઝન પો. સ્ટે. ગુ. રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૫૦૧ ૪૬/૨૦૨૫, ભારતીય ન્યાય સંહિતાની કલમ - ૧૪૦(૨), ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૧(૩), ૨૯૬, ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ તથા  એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(આર)(એસ), ૩(૨)(૫)  મુજબના ગુનાના કામે પોલીસે મુદ્દામાલ તરીકે કબજે લીધેલ  બજાજ કંપનીનુ પલ્સર રજી નં. જીજે-૧૧-સીએફ. ૯૨૬૨  વાળુ, મુદ્દામાલ પાવતીમાં જણાવેલ રકમથી દોઢી રકમના સધ્ધર જામીન તથા તેમજ તેટલી જ રકમના જાત મુચરકા રજુ કર્યેથી કેસ ચાલતા દરમ્યાનનો વચગાળાનો કબજો અરજદારને નીચેની શરતોને આધિન પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :-**

૧) અરજદારે સદર મુદામાલ વાળા વાહનની ઓળખમાં  ફેરફાર  થાય તેવું કોઈ કૃત્ય કરવું નહીં.

૨) અરજદારે મુદામાલવાળું વાહન કેસ ચાલતા સુધી અન્ય કોઈને કોઈપણ રીતે વેંચાણથી, બક્ષીસથી, ગીરોથી કે કોઈપણ રીતે ટ્રાન્સફર  તબદીલ કરવું-કરાવવું નહીં.

૩) અરજદારે ઉપરોકત મુદ્દામાલવાળુ વાહન કોર્ટ ફરમાવે ત્યારે હુકમ મુજબ રજુ કરવાનું રહેશે.

૪) અરજદારે ઉપરોકત મુદ્દામાલ વાળા વાહનનો કોઈ ગેરકાનુની પ્રવૃતિમાં ઉપયોગ કરવો-કરાવવો નહીં.

૫) અરજદારને મુદ્દામાલ સોંપતી વખતે ત. ક. અમલદારે અરજદારના ખર્ચે મુદ્દામાલ વાહનના ચારેય એંગલથી ટ્રાયલ દરમ્યાન મુદ્દામાલ ઓળખી શકાય તે રીતે ફોટા પાડી અત્રેની કોર્ટમાં રજુ કરવા.

(૩)	હુકમ મુજબના જામીન અને જાત મુચરકા સબંધીત પોલીસ સ્ટેશનમાં રજૂ કરવા.

(૪)	આ હુકમની યાદી સબંધીત પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવી.

આ હુકમ આજ તારીખ–૦૨ જી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જૂનાગઢ.
તા.૦૨–૦૬–૨૦૨૬.

**(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)**
પાંચમા એડી. સેશન્સ જજ,
જૂનાગઢ
(કોડ નં.જીજે.–૦૧૦૦૫)